પરિપત્ર નંબરઃ માહી/પી.આઇ.બી./૨૦૨૦-૨૧/૦૪ માર્ચ ૧૨,૨૦૨૧

## પરિપત્ર

પ્રતિ,
માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના
સભ્ય ભાઇઓ/બહેનો,
.............................. દૂધ એકત્રીકરણ કેન્દ્ર (એમ.પી.પી.),ગામ..........................
તાલુકો ..............................., જીલ્લો.....................................................

માહી કંપનીના સભાસદ ભાઇઓ - બહેનોને જણાવતા આનંદ થાય છે કે,પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સ દ્વારા કંપનીના સભ્યો માટે ઇન્સેન્ટિવ (પ્રોત્સાહન) ચૂકવવાના ઠરાવને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ છે.જેમાં પાત્ર સભ્યોને ઇન્સેન્ટિવ બે પ્રકારે એટલેકે રોકડમાં તેમજ વસ્તુના રૂપમાં (સ્ટીલની બરણી) ચૂકવવાનું નકકી કરેલ છે જેની ચૂકવણી નીચે જણાવેલ નિયમો અને શરતોની પૂર્તિના આધારે કરવામાં આવશે.

**પાત્રતાઃ** તારીખ ૩૧.૧૨.૨૦૨૦ના રોજ કંપનીના સભ્ય રજીસ્ટરમાં અસ્તિત્વ ધરાવતા અને માપદંડો/શરતોની પૂર્તિ કરતા સભ્યો જ ઇન્સેન્ટિવ (પ્રોત્સાહન)ની ચૂકવણી પ્રાપ્ત કરવા માટે પાત્ર રહેશે. ઇન્સેન્ટિવ (પ્રોત્સાહન)ની ચૂકવણીનો સમય ગાળો તાઃ ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ સુધીનો ગણવામાં આવશે.

### ❖ સભ્યોને ઇન્સેન્ટિવની ચૂકવણી માટેના માપદંડો/શરતો

- **વાર્ષિક ઇન્સેન્ટિવ (પ્રોત્સાહન) – રોકડ સ્વરૂપમાં**
  આથી તમામ પાત્ર સભ્યોને જણાવવાનું કે ઉપરોકત દર્શાવેલ ઇન્સેન્ટિવ (પ્રોત્સાહન)ની ચૂકવણી માટેના સમય ગાળા દરમ્યાન જે સભ્યોએ પ્રાથમિક શરતોનું પાલન કરેલ હશે એટલે કે ઓછામાં ઓછા ૧૯૩ દિવસો માટે ઓછામાં ઓછુ ૪૮૨.૫ લિટર દૂધ ભરાવેલ છે,તેવા દરેક સભ્યને તેના દ્વારા કંપનીમાં ભરવામાં આવેલ દૂધના જથ્થા પર **રૂ.૧.૧૦ પ્રતિ લિટર ઇન્સેન્ટિવ (પ્રોત્સાહન)**ની ચૂકવણી કરવામાં આવશે જે તાઃ ૨૦.૦૩.૨૦૨૧ પહેલા કરવામાં આવશે.

○ **ઇન્સેન્ટિવ(પ્રોત્સાહન) – વસ્તુના રૂપમાં (સ્ટીલની બરણી)**

વધુમાં જે સભ્યોએ ઉપરોક્ત પ્રાથમિક શરતનું પાલન કરેલ હશે એટલે કે તા: ૩૧.૧૨.૨૦૨૦ના રોજ કંપનીના સભ્ય રજીસ્ટરમાં અસ્તિત્વ ધરાવતા હોય તેમ જ ઓછામાં ઓછા ૧૯૩ દિવસો માટે અને ઓછામાં ઓછુ ૪૮૨.૫ લિટર દૂધ ભરાવેલ હોય તેવા પાત્ર સભ્યને જ નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ સ્ટીલની બરણી આપવામાં આવશે.

| વર્ગ | જાન્યુઆરી,૨૦૨૦ થી ડિસેમ્બર,૨૦૨૦ના સમયગાળા માટે સભ્ય દ્વારા ભરાવવામાં આવેલ દૂધના જથ્થા મુજબ વર્ગીકરણ | દૂધ માટેની સ્ટીલની બરણીની ક્ષમતા (લિટરમાં) |
|---|---|---|
| વર્ગ ૧ | ૪૦૦૦ લિટરથી ઓછું. | ૫ |
| વર્ગ ૨ | ૪૦૦૦ લિટર કે તેથી વધુ પરંતુ ૧૦,૦૦૦ લિટરથી ઓછું. | ૧૦ |
| વર્ગ ૩ | ૧૦,૦૦૦ લિટર કે તેથી વધુ | ૧૫ |

**નોધ:** ઉપરોક્ત દર્શાવેલ કોષ્ટક મુજબ સ્ટીલ બરણીઓ ખુબજ મોટા જથ્થામાં ખરીદ કરવાની હોવાથી સમય લાગે તેમ હોય, જુલાઇ,૨૦૨૧ સુધીમાં તમામ પાત્ર સભ્યને સ્ટીલની બરણી મળી રહે તેવો પ્રયત્ન કરવામાં આવશે.

સ્થળ : રાજકોટ

માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ વતી,

ચીફ એક્ઝિક્યુટિવ

નકલ રવાના:-
પ્રતિ,
૧. કંપની સેક્રેટરીશ્રી
૨. મેનેજર - એકાઉન્ટ અને ફાઇનાન્સ
૩. ઝોનલ ઇન્ચાર્જશ્રી (મિલ્ક પ્રોક્યોરમેન્ટ)
૪. તમામ ડીસ્ટ્રિક્ટ ઇન્ચાર્જશ્રી
૫. તમામ એરીયા અને બી.એમ.સી.ઇન્ચાર્જશ્રી
૬. પી.આઇ.બી. વિભાગ
૭. પી.ઇ.એસ.વિભાગ
૮. તમામ એમ.પી.પી.